આજથી હોળાષ્ટકનો આરંભ, શુભ કાર્યો વર્જીત

@ગાંધીનગર

● બહુજન સમાજ પાર્ટી દ્વારા સાંજે ૫ કલાકે પાર્ટીના સ્થાપક માન્યવર કાશીરામજીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સે-૧૨ ડૉ. બાબાસાહેબ કમિટી હોલ ખાતે સભા યોજાશે.

● સુર પંચમ બિટસ દ્વારા મંગળવારના રોજ સાંજે ૬ કલાકે રાંધેજા રોડ ખાતે આવેલ શ્રીજી બાગ પાર્ટી પ્લોટમાં સ્નેહમિલન, એવોર્ડ વિતરણ સમારોહ તથા સફાઈ અભિયાન સહિતના કાર્યક્રમો યોજાશે.

સિવિલ હોસ્પિટલ વાઈરલ દર્દીઓથી ઉભરાઈ

ગાંધીનગર, તા.૧૪

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલ વાઈરલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. શરદી, ખાંસી, તાવ અને ઝાડા-ઉલ્ટીના દર્દીમાં વધારો થઈ રહ્યો છે. ઓપીડી વિભાગમાં દર્દીઓની લાંબી લાઈનો લાગે છે જ્યારે બેવડી રૂતુને કારણે વાઈરલ ફિવરનો ગાંધીનગરાઓ ભોગ બની રહ્યા છે. સરકારી સહિત ખાનગી કલીનીકોમાં પણ મોટીસંખ્યામાં દર્દીઓ હોવાથી મોડીરાત સુધી ધમધમે છે. વાઈરલ ફીવરને કારણે નગરજનો હેરાન - પરેશાન થઈ ગયા છે.

ઉતર ભારતમાં હવામાનમાં અચાનક આવેલા એકએક પલટાની અસર વચ્ચે ઘણા રાજયોમાં કમોસમી વરસાદના સંકેતો સાંપડી રહ્યા છે. શહેરમાં આજે દિવસ દરમ્યાન વાદળીયા વાતાવરણને લીધે ગરમીમાં પણ રાહત અનુભવી હતી. શહેરમાં દિવસે ગરમી તેમજ રાત્રે ઠંડીનો સામનો નગરવાસીઓ કરી રહ્યા છે. શહેરમાં બેવડી રૂતુનો

અનુભવ કરતા નગરજનો વાઈરલ બિમારીઓનો ભોગ બની રહ્યા છે. ગાંધીનગર શહેરમાં ઘેર-ઘેર અત્યારે હાલના સમયે તાવ, શરદી, ઉધરસ, ઝાડા- ઉલ્ટી, માથાનો દુખાવો, ગળામાં તકલીફ સહિતના દર્દીઓ જોવા મળી રહ્યા છે. જયારે અશકત વૃધ્ધ વડીલોની હાલત આવી બેવડી રુતુમાં કફોડી બની જવા પામે છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં વાઈરલ ફીવર દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. આજે સોમવાર હોવાથી શહેરની સિવિલ હોસ્પિટલની ઓપીડી દર્દીઓથી ઉભરાતી હતી. સ્વાઈન ફલુ અને ડેન્ગયુને પગલે સિવિલમાં વિવિધ રોગના દર્દીઓ આવતા હોવાથી ડોકટર્સદ્વારા જરુરી લેબોરેટરી ટેસ્ટ પણ કરાવાય છે. પરંતુ મોટાભાગના દર્દીઓ વાઈરલ ફીવરના જોવા મળે છે. ગાંધીનગર જિલ્લાને જાણે વાઈરલ ફીવરની બિમારીઓએ અજગરી ભરડો લીધો છે. ત્યારે નગરની હોસ્પિટલ સહિત ખાનગી કલીનીકોમાં પણ દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે. શહેરમાં રાત્રે- ૯ કલાકે બંધ થતા કલીનીક મોડીરાત સુધી ધમધમે છે અગાઉથી નંબર લેવો પડે તેવી પરિસ્થિત સર્જાઈ છે. વાઈરલ ફીવરને કારણે નગરજનો સહિત વડિલોની હાલત કફોડી બની જવા પામી છે. વાતાવરણમાં ફેરફાર જણાય અને બેવડી રુતુમાંથી ઝડપી છુટકારો મળે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

વાતવાતમાં

● આજથી હોળાષ્ટક બેસતા હોવાથી પ્રોપર્ટીના દસ્તાવેજો તે પહેલા કરી લેવા સોદો કરનારાઓ ઉતાવળા બન્યા હતા. આ કારણે મામલતદાર કચેરીએ સારી એવી ભીડ ભાડ જોવા મળી રહી છે.

● માર્ચ એન્ડિંગ પણ નજીકમાં આવી રહ્યું હોવાથી શહેરમાં આવકવેરા રિટર્ન ભરવાના કાર્યમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ કાર્ય સમયસર નીપટાવવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ અને ઈન્કમટેક્ષ રીટર્નનું કામ કરતા એકાઉન્ટન્ટસની ઓફિસો મોડી રાત્રી સુધી કાર્યરત જોવા મળી રહી છે.

● ગાંધીનગરમાં થોડાક સમય પહેલા દબાણતંત્રએ ભારે ધોંસ વધારી હતી પરંતુ હાલ દબાણતંત્રની કાર્યવાહી મંદ પડી જતા નગરજનોમાં આશ્ચર્ય સાથે વિવિધ શંકા સેવાઈ રહી છે. જયારે દબાણતંત્રનો ભોગ બનનાર લારી ગલ્લા ઝુંપડાવાળાઓ 'પાક્કા દબાણો' તો છેવટે ના જ હટયાના નિસાસા નાંખી રહ્યાં છે.

કરવા ગયા કંસાર ને થઈ ગઈ થુલી...!!

કોર્ટ સંકુલમાં લેમિનેશન કરવા આપેલ જાતિનું પ્રમાણપત્ર ભૂલથી બળી જતા એક વડીલ કાકા રોષે ભરાયા

ગાંધીનગર, તા.૧૪

કયારેક એવી નાની અમથી વાતમાં એવી ઘટના બની જતી હોય છે કે આપણે હસવું કે રડવું તે જ ખબર ના પડે. કરવા જતા હોય કંસાર અને થઈ જાય થુલી કે પછી ઉલમાંથી ચુલમાં પડયાનો ઘાટ સર્જાઈ જતો હોય છે. તાજેતરમાં ગાંધીનગરના કોર્ટ સંકુલમાં આવો જ એક બનાવ બન્યો હતો. જેના કારણે એક વડીલ કાકાને ઝેરોક્ષવાળાની નાની સરખી ભૂલના કારણે હેરાન થવાનો વારો આવ્યો જેના કારણે ઝેરોક્ષવાળાને પણ ઘણો પસ્તાવો થયો હતો.

વાત એવી હતી કે કોર્ટ સંકુલમાં સરકારી કામકાજ સંદર્ભે જરૂરી દસ્તાવેજો કામ માટે અનેક નાગરિક આવતા હોય છે. જેમાં બે દિવસ પહેલા ગાંધીનગર તાલુકાના એક વડીલ ગ્રામજન કોઈક કામે આવ્યા હશે ત્યારે તેમની જાતિનું ઓરીજીનલ પ્રમાણપત્ર લેમિનેશન કરાવવાનું જરૂરી લાગ્યું હતું તેઓ ઝેરોક્ષ સેન્ટર પર લેમિનેશન કરવવા ગયા અને ઝેરોક્ષવાળાને લેમિનેશન કરવા આપ્યું હતું. ઝેરોક્ષવાળાને એ દિવસે કામનો ભાર વધુ હશે કે અન્ય કોઈ કારણ હોય તેનાથી લેમિનેશન મશીનમાં ભૂલથી 'હીટ' આપવાનું બટન જરૂર કરતા ઉંચા તાપમાને રખાઈ ગયું જે તેની જાણ બહાર રહી જવા પામ્યું જરૂર કરતા ઉંચા તાપમાનના કારણે પેલા કાકાનું જાતિનું પ્રમાણપત્ર મશીનમાં જ બળી જવા પામ્યું તેથી કાકા ભારે ગુસ્સે ભરાયા હતા. ઝેરોક્ષવાળાને પણ તુરંત પોતાની ભૂલ સમજાઈ પરંતુ મોડુ થઈ ગયું હતું. આ કારણે ગુસ્સે ભરાયેલા કાકાને તેણે માફી માંગી માંડ શાંત કર્યા હતા અને નવું પ્રમાણપત્ર કઢાવવાનો તમામ ખર્ચ ભોગવવાની જવાબદારી સ્વીકારી ભૂલનું પ્રાયશ્ચિત કર્યું હતું. જો કે આ દરમિયાન એકઠા થયેલા કોર્ટ સંકુલના મુલાકાતીઓમાં ઘટનાએ ભારે રસ જગાવ્યો હતો.



ગાંધીનગર શહેરના ચ માર્ગ પર વિધાનસભાની સામે આજે સવારના સુમારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જો કે સદનસીબે આ બનાવમાં કોઈને જાનહાની થવા પામી નથી પરંતુ બંને કારને ભારે નુકશાન થવા પામ્યું છે. આ અકસ્માતને પગલે ચ માર્ગ પર વાહનચાલકોના ટોળા વળ્યા હતા. ઉલ્લેખનીય છે કે શહેરના સુમસામ અને પહોળા માર્ગો પર બેફામ ગતિએ વાહનો હંકારતા વાહનચાલકોને પગલે અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન ઘટાડાને બદલે વધારો થઈ રહ્યો છે.

પક્ષી સૃષ્ટિની તરસ છીપાવવા પક્ષી પરબ મુકીએ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર અને આસપાસની વનરાજીમાં કાયમી ધોરણે વસવાટ કરતા પક્ષી જીવાત્માઓની તરસ છીપાવવાના અભિયાનમાં આપને જોડાવા તથા નગરમાં વસવાટ કરતા ૧૩૪ પ્રકારના પક્ષીઓના જીવોને પક્ષી પરબ ઘરમાં મુકી તૃષા તૃપ્ત કરવાના અભિયાનમાં ગાંધીનગર શહેર વસાહત મંડળ અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે પક્ષી પરબ વિતરણ કરવામાં આવનાર છે.

વસાહત મહામંડળના પ્રતિનિધિઓ પાસેથી પક્ષી પરબ મેળવી જીવદયાના મહાઅભિયાનમાં સહભાગી થવા શહેર વસાહત મહામંડળ અપીલ કરે છે. નીચેના પ્રતિનિધિઓ પાસેથી પક્ષી પરબ મેળવી આ જીવદયાના અભિયાનમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. શ્રી અરુણ બુચ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, આર.જે. ધમેચા, જયેશભાઈ ધ્રુવ, સુધીરભાઈ દેસાઈ, નિસર્ગ બુચ, કિશોર જીકાદરા, સુનીલ જે. શાહ, પ્રદિપ સોલંકી અને મયુરભાઈ વ્યાસ.

ગાંધીનગર એસટી ડેપોમાંથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાંથી આજે બપોરના સુમારે આર.આર.સેલ ની ટીમે બાતમીના આધારે ગાંધીનગર જિલ્લાના લવારપુર તેમજ નરોડામાં ચોરી ના ગુનામાં સંડોવાયેલ ભગતસિંહ જીતસિંહ ચીકલીકરને ઝડપી પાડ્યો છે.

ગાંધીનગર જિલ્લાના લવારપુર ખાતે મારુતિફન્ટી કાર અને નરોડામાં અંદાજીત ૭ થી વધુ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી પોલીસની પક્કડથી દુર ભાગતોફરતોહતો. ત્યારે આરોપી ગાંધીનગર એસટી ડેપોમાં આરોપી આવવાનો છે તેવી બાતમીના આધારે આરઆરસેલના પીએસઆઈ વિરલ પટેલ અને તેમની ટીમ વોચ ગોઠવી હતી તે દરમિયાન બપોરના સુમારે એસટી ડેપોમાં નાસતોફરતો આરોપી ભગતસિંહ જીતસિંહ ચીકલીકરને દેખાતા પોલીસે ઝડપી પાડ્યો હતો. આરઆર સેલે આરોપીને ડભોડા પોલીસને સોંપી દેતા ડભોડા પોલીસે કોર્ટમાં હાજર કરીને એક દિવસીય રિમાન્ડ મેળવીને વધુ પુછપરછ હાથ ધરી છે.

બાલવા ચોકડીથી બાલવા ગામનો રસ્તો બિસ્માર હાલતમાં

બાલવા ગામનો નવો રોડ બનાવવામાં આવેલ છે પરંતુ દેના બેંક,સ્ટેટ બેંક, ટેલિફોન ઓફીસ, પ્રાથમિક-માધ્યમિક શાળા, ગ્રામ પંચાયત વગેરે હોવાથી બાલવામાં આમજા, ચાંદીસણા,-ાદરી, પ્રતાપપુરા ઈટલાની અવરજવર વિશેષ રહે છે. પરિણામે બાલવા ચોકડીથી બાલવા ગામમાં જવાનો રસ્તો તૂટીને બિસ્માર હાલતમાં બની ગયેલ છે. તો આ રસ્તાની મરામતને રીકાર્પેટ કરવાની તાકીદે જરૂર છે. બાલવાના ગ્રામજનોની તાતી માંગ છે તેમ સરપંચશ્રી બાલવા ગ્રામ પંચાયતે જણાવેલ છે.

જલારામ સેવા સમાજ દ્વારા "અર્થ અવર"કાર્યક્રમમાં જોડાવા નાગરીકોને અપીલ

ગાંધીનગર, તા.૧૪

નિરંતર પરિવર્તન એ પ્રાકૃતિક વ્યવસ્થાનો એક ભાગ છે. બ્રહ્માંડની વ્યવસ્થાને આધિન આબોહવા પરિવર્તન એટલે કે કલાઈમેટ ચેન્જ પણ પ્રાકૃતિક વ્યવસ્થાનો એક ભાગ છે. જેને પગલે વિશ્વના લોકોને એક તાંતણે જોડી જળવાયું એટલે કે કલાઈમેટ ચેન્જ અંગે જાગૃત કરવા તેમજ તેને અટકાવવા પ્રોત્સાહન આપવા વર્ષ- ૨૦૦૭ થી લોહાણા મહાપરિષદ દ્વારા "અર્થ અવર" કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વૈશ્વિક ઝુંબેશમાં ૧૭૬ દેશના ૭૦૦૦ થી વધુ શહેરના કરોડો નાગરીકો જોડાય છે. ત્યારે આ ઝુબેંશમાં ગાંધીનગરના નાગરીકોને આ ઝુંબેશમાં જોડાવા માટે જલારામ સેવા સમાજ અપીલ કરે છે. જયારે અર્થ અવર અંતર્ગત આપ જે પણ કાર્ય કરો છો તે તમારા અનુભવો પર્યાવરણ સમિતાના ફેસબુક પેઈજ એ લઅમપી - લોહાણા એન્વાયરમેન્ટ કમીટી પર જઈ અર્થ અવર - ૨૦૧૬ ઈવેન્ટ પેઈજ પર પોસ્ટ કરો. જેથી અન્ય નાગરીકો પણ આપના અનુભવો પરથી પ્રેરણા લઈ લઈ શકે છે. ઉષ્ણાતામાનના પરિવર્તનને કારણે તેના પર આધારિત જટીલ પ્રાકૃતિક વ્યવસ્થા પર મોટા પ્રમાણમાં અસર થઈ રહી છે જેની માનવ સમુદાય તથા અન્ય સજીવોના નિવસનતંત્રો અને તેમના અનુકુલન પર પણ વિપરીત અસર થઈ રહી છે.આજનો માનવ સમાજ સાધન સુવિધા સભર જીવનશૈલીની ઘેલછામાં એ પણ ભુલી ગયો છે કે પ્રકૃતિના જે સાધનોનો ઉપયોગ કરે છે તે સમગ્ર જીવસૃષ્ટિ માટે એક જ છે જેને પગલે કલાઈમેટ અંગે નાગરીકોને જાગૃત કરવા આ અભિયાન ચલાવામાં આવી રહ્યુ છે તેમ લોહાણા મહાપરિષદના પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય મંત્રી આલાપ પંડીત જણાવે છે.

આ અભિયાનમાં જોડાવા માટે શું કરવું ?

અર્થ અવર દરમિયાન ૧૯ માર્ચ ૨૦૧૬ના રોજ રાત્રે ૮-૩૦ થી ૯-૩૦ કલાક દરમિયાન વીજ વપરાશ બંધ કરવો તેમજ અત્યંત જરૂરી હોય તેવા જ વીજ વપરાશના સાધનો ચાલુ રાખી અન્ય વીજ સાધનો બંધ કરી વીજ વપરાશ નહીવત કરવાનો રહેશે.

ગલુદણ પાટીયા પાસે ટેમ્પો રીક્ષાની ટકકરે બાઈક સવાર યુવાનનું મોત

ગાંધીનગર, તા.૧૪

દહેગામ-નરોડા માર્ગપર ગલુદણ પાટીયા પાસે રવિવારે બેફામ ગતિએ દોડી આવતી ટેમ્પો રીક્ષાએ બાઈક સવાર યુવાનને જોરદાર ટકકર મારતા યુવાનનું કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માત અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગલુદણ ગામે રહેતો ૨૯ વર્ષીય મુકેશજી કરણજી ઠાકોર નરોડા જીઆઈડીસીમાં મજુરી કરે છે. મુકેશજી ઠાકોરે એક અઠવાડીયા અગાઉ ગલુદણથી નરોડા અવર જવર કરવા માટે બાઈક ખરીદ્યું હતું. દરમિયાન ગત રોજ રવિવારે ગામથી નજીકના પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ બાઈકમાં નખાવી નરોડા જઈ રહ્યો હતો. બસ આ જ સમયે કોઈ અજાણ્યા ટેમ્પો રીક્ષાના ચાલકે બાઈકને જોરદાર ટકકર મારતા બાઈક સવાર યુવાન માર્ગની બાજુમાં ફંગોળાઈ ગયો હતો. પરિણામે શરીરના ભાગે ઈજાઓ થતા તેનું મોત નિપજયું હતું. જયારે ટેમ્પો રીક્ષા ચાલક મોત નિપજાવી નાસી છુટયો હતો. આ બનાવ અંગે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ફરાર ટેમ્પો ચાલકની શોધખોળ હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એન.એમ. ચૌધરી ચલાવી રહ્યા છે.

પ્રજ્ઞા શિક્ષક તાલીમની ગ્રાન્ટને ભ્રષ્ટાચાર ભરખી ગયો

ગાંધીનગર, તા.૧૪

રાજયમાં પ્રજ્ઞા શિક્ષકો શિક્ષણ ક્ષેત્રે વધુ સારી કામગીરી કરી શકે તે માટે મુખ્યમંત્રી દ્વારા પ્રજ્ઞા શિક્ષકો માટે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં પણ પ્રજ્ઞા શિક્ષકોને તાલીમ બધ્ધ કરવા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ પ્રજ્ઞા શિક્ષક તાલીમ માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટને ભ્રષ્ટાચાર ભરખી ગયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડીનેટર દ્વારા ભ્રષ્ટનિતિ અપનાવી આર્થિક કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ મામલે યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તો હકીકત બહાર આવે તેવી પુરી શકયતા છે તેમ પણ એક અરજદારે રજુઆતમાં જણાવ્યું છે.

આઈસીઆઈસીઆઈની સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં બીબીએ કોલેજ મોખરે

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત બીબીએ કોલેજના વિદ્યાર્થીઓનું સતત ત્રણ વર્ષથી ઉત્કૃષ્ટ પ્રદર્શન રહ્યું છે. આઈસીઆઈસીઆઈ સિકયુરીટી દ્વારા આયોજીત સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં કોલેજ રાઉન્ડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. હવે સમગ્ર દેશની ૫૮૦ કોલેજ તેમજ ૮૦ શહેરના ૧,૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા કરાશે તેમજ ત્યારબાદ રાજયકક્ષાએ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામશે.

આ સ્પર્ધામાં કુલ ૫ વિદ્યાર્થીઓની કોલેજ લેવલે થયેલા રાઉન્ડમાં પસંદગી થઈ જેમાં હર્ષિત પટેલ પ્રથમ, વિશાલ શુકલા દ્વિતીય તેમજ અશ્વિન ડાભી તૃતીય સ્થાને પસંદગી પામ્યા છે. આ ઉપરાંત કિશન ઉપાધ્યાય અને જીજ્ઞેશ પટેલનો સમાવેશ કોલેજ લેવલે પ્રથમ તેમજ દ્વિતિય વિજેતાઓમાં કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ વર્ષથી બીબીએના વિદ્યાર્થીઓ ઉપરોકત સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે અને રાષ્ટ્રીય તેમજ રાજયકક્ષાએ સ્થાન પામી રહ્યા છે. કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સાથે આવી પ્રવૃત્તિઓ તેમના કૌશલ્યને ખિલવવા મદદરૂપ બની રહે છે.

સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ઓન લાઈન રજીસ્ટ્રેશન કરી કંપની દ્વારા બનાવવામાં આવેલ વેબસાઈટ પર લોગીન કરવાનું હોય છે ત્યારબાદ તેઓને કંપની શેર માર્કેટમાં ટ્રેડીંગ કરવાનો મોકો આપે છે અને તેમાં વિજેતા બનનાર વિદ્યાર્થી એટલે કે સૌથી વધારે નફો મેળવનારને વિજેતા જાહેર કરવામાં આવે છે. કંપની દરેક સ્પર્ધકને ૧૫,૦૦,૦૦૦ વર્ચ્યુલ મની આપે છે. અને ત્યારબાદ તેઓ કેટલો નફો મર્યાદિત સમયમાં કમાય છે જેના આધારે વિજેતા જાહેર થાય છે. આ વર્ષે ગાંધીનગર સ્થિતિ બીબીએ કોલેજના ૮૩૫ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાના આયોજન તેમજ શેર-સ્ટોક માર્કેટ બાબતે વિદ્યાર્થીઓને આઈસીઆઈસીઆઈ સિકયુરિટીઝ લિમિટેડના માર્કેટીંગ હેડ ઝંખના શ્રીવાસ્તવ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી આ કોલેજના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ખુબ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં જય સુથાર રાષ્ટ્રીય સ્તરે દ્વિતિય તેમજ નિખિલ ચૌહાણ રાજય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ચુકયા છે.

આગામી રાઉન્ડની શરૂઆત ૧૪ માર્ચ ૨૦૧૬થી થશે જેથી દરેક વિજેતા સ્પર્ધકને સફળતા મળે તેવી શુભકામના પાઠવવામાં આવી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન કોલેજ સ્તરે આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેટમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જવાબદારી સંભાળી સફળતાપૂર્વક કરાયું હતું.

પલિયડ ગામે આયુર્વેદ મેગા કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

કલોલ તાલુકાના પલિયડ ગામે આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં આયુર્વેદના વિશિષ્ટ કર્મો જેવા કે અગ્નિકર્મ, જાલંધર બંધ તથા વધુ પ્રમાણમાં જોવા મળતા ડાયાબીટીસ રોગ સામે રક્ષણ મેળવવા નિષ્ણાત વૈદ્યશ્રીઓ દ્વારા સેવાકીય લાભ આપવામાં આવશે.

તા.૧૬મી માર્ચના રોજ સોમાભાઈ સાર્વજનિક હોસ્પિટલ પલીયડમાં સવારે નવ થી એક વાગ્યા સુધી આયુર્વેદ મેગા કેમ્પ યોજાશે.

જાલંધર બંધથી હાલતા દાંતને પીડા વગર પાડવાની સેવા માટે વૈદ્યશ્રી નીતીનભાઈ નાયક, મે.ઓશ્રી, સ.આ.દ. પંડોળી, જિ.-આણંદ.

સંધિવાત-વા, કમરના રોગ, રાંઝણ જેવા રોગ માટે અગ્નિકર્મ ચિકિત્સા વૈદ્યશ્રી ધર્મેન્દ્ર પટેલ, આર.એમ.ઓ. સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સે-૨૨, ગાંધીનગર. ડાયાબિટીસના રોગ સામે રક્ષણ મેળવવા તથા થતો અટકાવવા ઔષધ ઉપયોગ, યોગ, પથ્યાપથ્ય વિ.ની માહિતી વૈદ્ય ફાલ્ગુન પટેલ, લેકચરર, અખડાનંદ આયુર્વેદ કોલેજ-અમદાવાદ.

વા-સંધિવાત, કમરનો દુખાવો, વાળના રોગો, પથરી, પેટના દર્દો, કબજીયાત, એસીટીડી, ભુખ ન લાગવી, શ્વાસ, સ્ત્રીઓના રોગો, બાળકોના રોગ, ચામડીના રોગો વિ. માટે આયુર્વેદ ચિકિત્સા પધ્ધતીથી વિના મૂલ્યો સારવાર આપવામાં આવશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારી જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આજથી હોળાષ્ટકનો આરંભ, શુભકાર્યો વર્જીત

સુર્યના મીનરાશીમાં પ્રવેશથી મીનારક કમૂર્હૂતા પણ શરૂ, હોળી પ્રગટયા પછી તમામ શુભકાર્યોનો શુભારંભ થશે

ગાંધીનગર, તા.૧૪

ઉત્તરાયણ પછી લગ્ન પ્રસંગો સહિતના શુભ કાર્યનો ધમધમાટ અવિરત રહ્યો છે. જે આજથી હોળાષ્ટકના પ્રારંભ પછી વિરામ લેશે. સુર્યના મીન રાશીમાં પ્રવેશથી જ મીનારક કમૂર્હૂતા શરૂ થઈ રહ્યા છે અને હોળીના આ દિવસ પહેલાંથી હોળાષ્ટક શરૂ થતા હોઈ આજે મંગળવારથી તમામ શુભ કાર્યો વર્જિત બન્યા છે. નવ દિવસ સુધી વર્જિત રહેલા શુભ કાર્યો હોળી પ્રગટયા પછી શરૂ કરી શકાશે. જો કે ધાર્મિક કાર્યો આ દિવસો દરમિયાન કરી શકાતા હોવાનું જયોતિષ આચાર્ય જણાવી રહ્યા છે.

હિંદુ ધર્મમાં જણાવાયેલા તમામ પંદર સંસ્કારો માટે આજથી પ્રારંભ થતા હોળાષ્ટક દરમિયાન વર્જીત લેખાયા છે. હોળીના ૮ દિવસ પહેલાંથી જ હોળી પર્વનો શુભારંભ થતો હોઈ હોળાષ્ટકના નામે સ્થાન મળેલું છે તેમજ સુર્ય મીન રાશિમાં પ્રવેશ કરે છે જેથી કમૂર્હૂતા શરૂ થાય છે. સાથો સાથા ભદ્રા પણ શરૂ થઈ જાય છે. પંચાગની ગણતરી પ્રમાણે હોળીની સાંજે પૂર્ણિમા થાય છે જેથી હોળી પ્રગટયા પછી શુભ કાર્યની શરૂઆત થઈ શકશે.

હોળી પર્વનું અનોખું

મહત્વ રહેલું છે. જેમાં નાના તથા અન્ય વિવિધ ખાદ્ય બાળકોની પ્રથમ હોળી હોય તેના જેમ રાખવામાં આવે છે. બજારમાં ધાણી, હાયડા, ખજુર ચિજવસ્તુઓ વેચાણ અર્થે આવે છે. રાજસ્થાનમાં હોળીના તહેવારનું વિશેષ મહત્વ છે અને જે કારણે ગુજરાતમાંથી અનેક પરિવારો પોતાના માદરે વતન જવા પ્રયાણ કરતા હોય છે. રંગોના ઉત્સવ તરીકે મનાવાતો હોળીનો તહેવાર લોકો ખુબ જ ઉત્સાહપૂર્વક મનાવતા હોય છે. હોળીના દિવસની સાંજે પરંપરા અનુસાર હોળી પ્રગટાવવામાં આવે છે જેનો સૌ કોઈ દર્શનનો લાભ લઈ ધન્ય બને છે. વાયકા મુજબ હોળીના અગ્નિની ગરમીથી વાતાવરણમાં રહેલા દુષિત પરિબળો નાશ પામે છે અને રોગોમાંથી મુકિત મળે છે. વધુમાં હોળાષ્ટક હોવાથી અન્ય કોઈ શુભ કાર્યો ન હોવાથી મુક મને તહેવારની મજા માણી શકાય છે.

હોળાષ્ટક ૨૩મી માર્ચ બુધવારને સાંજે લગભગ ૫.૩૦ વાગે સમાપ્ત થતા હોઈ શુભ કાર્યોનો હોળી પ્રગટયા પછી શુભારંભ થઈ જશે. જો કે લગ્નપ્રસંગો સહિતના મહત્વના શુભ કાર્યો ૨૪ કલાક પછી કરી શકાતા હોવાનું જયોતિષ જાણકારો જણાવી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. માધુરીબેન નટવરભાઈ પરમાર, ઉ.વ. ૨૧
- સ્વ. સૂર્યાબેન જાદવભાઈ પટેલ, ઉ.વ. ૬૫
- સ્વ. ધીરજલાલ હાકેમચંદ્ર વેદ, ઉ.વ. ૮૫
- સ્વ. રામાજી ઉદાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. શકરીબેન ભીખાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. ભીખાભાઈ મઈજીભાઈ દંતાણી, ઉ.વ. ૭૦
- સ્વ. જબલબેન મેરાભાઈ ભરવાડ, ઉ.વ. ૭૦